શાખા : દાહોદ (લોન નંબર : H4Y0RLP0365301) ૧. હિમ્મતભાઇ પ્રેમચંદભાઇ ડબગર (દેવાદાર) : ૯૪૯, ડબગરવાસ, ફતેપુરા, દાહોદ, ગુજરાત–૩૮૯૧૭૨ ખાતે. ખાતે પણ : મિલકત નં. ૭૮૬, ડબગરવાસ, ફતેહપુર, દાહોદ–૩૮૯૧૭૨. ૨. સંગીતાબેન હિમ્મતભાઇ ડબગર (સહ–દેવાદાર) : ૯૪૯, ડબગરવાસ, ફતેપુરા, દાહોદ, ગુજરાત–૩૮૯૧૭૨ ખાતે.	ડબગરવાસ વિસ્તા , ગામતળ, ગામ ફતેપુરા, જી. દાહોદ–૩૮૯૧૭૨ ખાતે સ્થિત ગ્રામ પંચાયત મિલકત નં. ૭૮૬ ની ખુલી જમીન અને બંધાયેલ મિલકત પૈકી ગ્રાઉન્ડ ફ્લોરની ૬૫.૦૫ ચો.મી.ક્ષેત્રફળની મિલકતા ધરાવતી સ્થાવર મિલકત : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: ભીખાભાઇ શાંતિલાલ ડબગરની મિલકત, પશ્ચિમ: દિલીપભાઇ છોટાભાઇ ડબગરની મિલકત, ઉત્તર: નાનો રોડ, દક્ષિણ: રોડ	**૧૦–૦૮–૨૦૨૩** **રૂા. ૬,૮૦,૭૧૦/–** (રૂપિયા છ લાખ એંસી હજાર સાતસો દસ પુરા)
શાખા : ભૂજ (લોન નંબર : H5F1HLD0276621, H5F1HLT0301361) ૧. અરવિંદ લાધુભાઇ જાડેજા (દેવાદાર), ૨. દિવ્યાબેન અરવિંદસિંહ જાડેજા (સહ–દેવાદાર) તમામ : મકાન નં. ૨૦, શીટ નં. ૧, દરબાર ગઢ, ભાડાઈ મોટી, માંડવી, કચ્છ–૩૭૦૪૬૫ ખાતે.	કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના મોટી ભાડાઇ ગામની સીમમાં આવેલ રેવેન્યુ સર્વે નં. ૭૯ ધરાવતી બીન–ખેતીલાયક જમીન ઉપર સ્થિત ૪૮૪.૫૦ ચો.મી. ક્ષેત્રફળના પ્લોટ નં. ૨૦ : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: પ્લોટ નં. ૨૧, પશ્ચિમ: પ્લોટ નં.૧૯, ઉત્તર: ૬ મીટર રોડ, દક્ષિણ: પ્લોટ નં. ૨૫ અને પ્લોટ નં. ૨૬	**૦૮–૦૮–૨૦૨૩** **રૂા. ૧૬,૧૬,૬૪૬/–** (રૂપિયા ઓગણીસ લાખ સોળ હજાર છસ્સો છેતાલીસ પુરા)
શાખા : મોરબી (લોન નંબર : H5E6HLD0367124, H5E6HLT0434616) ૧. આશિષ કાંતિલાલ મોરડીયા (દેવાદાર), ૨. અનસૂયાબેન કાંતિલાલ મોરડીયા (સહ–દેવાદાર), તમામ : રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. ૨૦૧, સિદ્ધિ વિનાયક પાર્ક, રવાપર રેસીડેન્સી, મોરબી, ગુજરાત–૩૬૩૬૪૧ ખાતે.	જી. મોરબી, તાલુકા મોરબી, ગામ રવાપરના રેવેન્યુ સર્વે નં. ૧૫૬/૧ પૈકી ૧ ના એન.એ. પ્લોટ નં. ૨ ઉપર રિદ્ધિ સિદ્ધિ એપાર્ટમેન્ટ–૨ તરીકે જાણીતી રેસીડેન્શીયલ મિલકતના બીજા માળે ૭૨–૦૬ ચો.મી. બિલ્ટ અપ એરીયાના ફ્લેટ નં.૨૦૧ ના તમામ ભાગ અને હિસ્સા : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: ફ્લેટ નં. ૨૦૨ અને ૨૦૩, પેસેજ અને લિફ્ટ, પશ્ચિમ: રોડ, ઉત્તર: પ્લોટ નં. ૨ ની ખુલી જગ્યા, દક્ષિણ: પ્લોટ નં. ૨ ની ખુલી જગ્યા	**૦૮–૦૮–૨૦૨૩** **રૂા. ૧૩,૬૨,૬૮૭/–** (રૂપિયા તેર લાખ બાણું હજાર છસ્સો સીત્યાસી પુરા)
શાખા : ઉપલેટા (લોન નંબર : 5F9RHBEK882871, 5F9RHTEM412308) ૧. બાસીદભાઇ બસીરભાઇ પટેલ (દેવાદાર), બ્લોક નં. બી૨, કાંગડા પેલેસ, દાનાવાલા ચોક, ધોરાજી, જેતપુર, ગુજરાત–૩૬૦૪૧૦ ખાતે. ખાતે પણ : ફ્લેટ નં. ૧૦૩, નદિમ પ્લાઝા, કે કે છેલ સ્ટ્રીટ, ભાદર રોડ, ઉપલેટા, રાજકોટ. ૨. સમા બાસીદભાઇ પટેલ (સહ–દેવાદાર), બ્લોક નં. બી૨, કાંગડા પેલેસ, દાનાવાલા ચોક, ધોરાજી, જેતપુર, ગુજરાત–૩૬૦૪૧૦ ખાતે.	જી. રાજકોટ, ઉપલેટા મ્યુનિસિપાલિટીની હદમાં, કે કે છેલ સ્ટ્રીટ, ભાદર રોડ, ઉપલેટા ખાતે સ્થિત શીટ નં.૬૧, સીટીસર્વે નં.૫૩૯૦ ની જમીન ઉપર બંધાયેલ નદિમ પ્લાઝાના પહેલા માળે ૫૧–૦૦ ચો.મી. બિલ્ટ અપ એરીયાના ફ્લેટ નં. ૧૦૩ : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: સીટી સર્વે નં. ૫૩૯૦/પી બરસીર અબા પટેલની મિલકત, પશ્ચિમ: ફ્લેટ નં. ૧૦૨, કોમન પેસેજ, ઓટીએસ, ઉત્તર: સીડી, કોમન પેસેજ, દક્ષિણ: સીટી સર્વે નં. ૫૩૮૯	**૦૮–૦૮–૨૦૨૩** **રૂા. ૧૫,૧૧,૮૪૫/–** (રૂપિયા પંદર લાખ અગીયાર હજાર આઠસો પીસ્તાલીસ પુરા)
શાખા : દાહોદ (લોન નંબર : H4Y0FRL0347259) ૧. દશરથભાઇ હેમાભાઇ નાયન્યા (દેવાદાર), ૨. મધુબેન દશરથભાઇ નાયન્યા (સહ–દેવાદાર) ઉપરોક્ત તમામ : ૫૫૩ ગરી ફળીયું કટવારા–૨, મુ. કટવારા, દાહોદ–૩૮૯૧૫૧ ખાતે.	ગામ કટવારા, તા. અને જી. દાહોદ–૩૮૯૧૫૪ ના ગામતળ ખાતે સ્થિત ગ્રામ પંચાયત નં. ૫૫૩/૧ (૪૧.૫ * ૨૫, ૧૦૩૭.૫૦ ચો.ફુટ ક્ષેત્રફળનો વિસ્તાર) ધરાવતી ૯૬.૩૮ ચો.મી. ક્ષેત્રફળની બંધાયેલ મિલકત સહિત ખુલી જમીન તરીકેની રેસીડેન્સીયલ સ્થાવર મિલકત : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: નાયન્યા રમેશભાઇ ભેરાભાઇની મિલકત, પશ્ચિમ: પંચાયત રોડ, ઉત્તર: નાયન્યા હેમંતભાઇની મિલકત, દક્ષિણ: અમરાભાઇ ઘરીની મિલકત	**૧૦–૦૮–૨૦૨૩** **રૂા. ૬,૮૮,૮૦૧/–** (રૂપિયા નવ લાખ ઈઠ્યાસી હજાર આઠસો એક પુરા)
શાખા : થાનગઢ (લોન નંબર : H5J8RLP0481953) ૧. હરેશભાઇ ગેલાભાઇ મકવાણા (દેવાદાર), ૨. વિશ્વભાઇ હરેશભાઇ મકવાણા (સહ–દેવાદાર) ઉપરોક્ત તમામ : આંબેડકર નગર–૩, નવો વાસ, પ્રેમ પોટ્રી પાછળ, થાનગઢ,ગુજરાત–૩૬૩૫૩૦ ખાતે.	થાનગઢ મ્યુનિસિપાલિટીની હદમાં, થાનગઢ, તા. થાનગઢ, જી. સુરેન્દ્રનગર–૩૬૩૫૩૦ માં થાનગઢ રેવેન્યુ સર્વે નં. ૯/૧ અને સીટી સર્વે નં. ૪૩૦૪ ખાતે ૧૮૧.૪૩.૩૭ચો.મી. ક્ષેત્રફળના પ્લોટ નં. ૨/પી તરીકેની મિલકત : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: માવજીભાઇ ધનાભાઇનો પ્લોટ, પશ્ચિમ: ભવાનભાઇ હમીરભાઇની માલિકીનો આ પ્લોટનો બાકીનો ભાગ, ઉત્તર: રેવેન્યુ સર્વે નં. ૧૫, દક્ષિણ: ૨૫ ફુટ પહોળો રોડ	**૧૦–૦૮–૨૦૨૩** **રૂા. ૫,૮૬,૫૭૬/–** (રૂપિયા પાંચ લાખ છ્યાસી હજાર પાંચસો છોતેર પુરા)
શાખા : મહેસાણા (લોન નંબર : 496RHBEO674207, 496RHTEO698956) ૧. લાખનસિંહ અર્જુનસિંહ પુરોહિત (દેવાદાર), ૨. અર્જુનસિંહ મગનલાલ પુરોહિત (સહ–દેવાદાર), ઉપરોક્ત તમામ : ૧૭ – અમરનારાયણ સોસાયટી, વિક્રમ સિનેમાની સામે, વીસનગર–૩૮૪૩૧૫ ખાતે.	મોજે કણસા, તા. વીસનગર, જી. મહેસાણા ખાતે સ્થિત રેવેન્યુ સર્વે નં. ૪૨૮, સીટી સર્વે નં. ૪૮૮૭ ધરાવતા પર.૨૮ ચો.મી. બિલ્ટ અપ એરીયા, ૫૫.૨૫.૪૫ ચો.મી. માર્જિન જમીન, કુલ ૧૦૭.૫૩.૪૫ ચો.મી. ક્ષેત્રફળના પ્લોટ નં. ૧૪ ખાતેના પ્રિમાઇસીસની સ્થાવર મિલકતના તમામ રાઇટ,ટાઇટલ અને ઈન્ટરેસ્ટ : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: ખુલી જમીન, પશ્ચિમ: સોસાયટી રોડ, ઉત્તર: પ્લોટ નં. ૧૬ ની સીમા, દક્ષિણ: સોસાયટી રોડ	**૧૧–૦૮–૨૦૨૩** **રૂા. ૪૩,૧૫,૭૭૬/–** (રૂપિયા તેત્રાલીસ લાખ પંદર હજાર સાતસો છોતેર પુરા)
શાખા : સુરેન્દ્રનગર (લોન નંબર : H662HLD0098129, H662HLT0149307) ૧. પ્રતિક મનોજભાઇ જાદવ (દેવાદાર), ૨. ભાવનાબેન મનોજભાઇ જાદવ (સહ–દેવાદાર), ઉપરોક્ત તમામ : બજરંગ ફ્લેટ, ૧૧૧, મુલચંદ રોડ, વઢવાણ, સુરેન્દ્રનગર, ગુજરાત–૩૬૩૦૩૦ ખાતે.	મુલચંદ રોડ, વઢવાણ, તાલુકા વઢવાણ, જીલ્લા સુરેન્દ્રનગરના ફાઇનલ પ્લોટ નં. ૨૪–૧–૨–૩/પી, સર્વે નં. ૨૨૪૫, બ્લોક નં. ૧૧૧ ખાતે બજરંગ ફ્લેટના ૧લા માળે આશરે ૩૬.૫ચો.મી. ક્ષેત્રફળના ફ્લેટ નં.૧૧૧ ની મિલકત : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: ખુલી જગ્યા અને રોડ, પશ્ચિમ: ફ્લેટ નં. ૧૧૨, ઉત્તર: ખુલી જગ્યા અને રોડ, દક્ષિણ: માળ અને લોબી	**૧૦–૦૮–૨૦૨૩** **રૂા. ૭,૪૪,૦૬૫/–** (રૂપિયા સાત લાખ ચુમ્માલીસ હજાર પાંસઠ પુરા)
શાખા : દાહોદ (લોન નંબર : H4Y0ECN0389374, H4Y0FRL0341475) ૧. શૈલેષભાઇ વનરાજભાઇ ડામોર (દેવાદાર), ૨. હેમલતાબેન શૈલેષભાઇ ડામોર (સહ–દેવાદાર), ઉપરોક્ત તમામ : ૧૫૫, ઉમરીમલ ફળીયું, કુંડાળા–૨, તા. ફતેપુરા જી. ગોધરા, ગુજરાત–૩૮૯૧૬૦ ખાતે	ઝાલોદ, ગામ ઝાલોદ, તા. ઝાલોદ, જી. દાહોદ ખાતે રેવેન્યુ સર્વે નં. ૬૨૭/૨ પૈકી ૧૧૭.૯૩ ચો.મી. ક્ષેત્રફળની ખુલી જમીન સહિત બંધાયેલ મિલકતના પ્લોટ નં. ૫ તરીકેની સ્થાવર મિલકત : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: પૈકી રોડ, પશ્ચિમ: પ્લોટ નં. ૬, ઉત્તર: સોસાયટી કોટ, દક્ષિણ: પૈકી રોડ	**૧૦–૦૮–૨૦૨૩** **રૂા. ૧૧,૩૪,૩૭૩/–** (રૂપિયા અગીયાર લાખ ચોત્રીસ હજાર ત્રણસો તોતેર પુરા)
શાખા : દાહોદ (લોન નંબર : H4Y0FRL0339858) ૧. વિશાલ લાલમણી ચાદવ (દેવાદાર), ૧૫, બજરંગ મંદિર, રબદલ, તા. દાહોદ, જી. દાહોદ–૩૮૯૧૫૧ ખાતે. ખાતે પણ : પ્લોટ નં. ૧૫, બજરંગ સોસાયટી, ભારત પેટ્રોલિયમ પાસે, ઈન્દોર–અમદાવાદ હાઇવે, મોટી સારસી, દાહોદ. ૨. કલાવતીબેન લાલમણી ચાદવ (સહ–દેવાદાર), ૩. લાલમણી રાજારામ ચાદવ (સહ–દેવાદાર), નં. ૨ અને ૩ : ૧૫, બજરંગ મંદિર, રબદલ, દાહોદ–૩૮૯૧૫૧ ખાતે.	ગામ મોટી સારસી, તા. દાહોદ, જીલ્લા દાહોદ–૩૮૯૧૫૧ ના ખાતા નં. ૪૫૨૫, રેવેન્યુ સર્વે નં. ૧૭૮/પૈકી ૩ પૈકી પ્લોટ નં. ૧૫ (બજરંગ સોસાયટી) ખાતે જમીન સહિત બંધાયેલ રેસીડેન્સીયલ મિલકત : તરીકે વર્ણવિત બીન–ખેતીલાયક મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: પુર્વ: રેવેન્યુ સર્વે નં. ૧૭૮ પૈકીની જમીનની સીમા, પશ્ચિમ: રોડની સીમા, ઉત્તર: પ્લોટ નં. ૧૪ ની સીમા, દક્ષિણ: પ્લોટ નં. ૧૬ ની સીમા	**૧૦–૦૮–૨૦૨૩** **રૂા. ૭,૭૮,૮૭૨/–** (રૂપિયા સાત લાખ ઈઠ્યોતેર હજાર આઠસો બોતેર પુરા)

આ પગલા નોટીસની વૈકલ્પીક બજવણી માટે લેવાઇ રહ્યાં છે. ઉપરોક્ત દેવાદારો અને/અથવા સહ–દેવાદારો, જામીનદારોને આ નોટીસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર બાકી લેણાની વ્યાજ સહીત ચુકવણી કરવા સલાહ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં (બજાજ હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડને પ્રાપ્ત કોઇ અન્ય હક પ્રત્યે પુર્વગ્રહ વગર) સિક્યોર્ડ એસેટ / ગીરો મિલકતોના કબજા માટે અન્ય પગલા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૪) ની જોગવાઇઓ અનુસાર શરૂ કરવામાં આવશે. ઉપર જણાવેલ વ્યક્તિઓને ઉપર જણાવેલ મિલકતો જેના પર બજાજ હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડનો ચાર્જ છે તેને બીજાને નામે કરવા, ગ્ર

ઉત્તર-પશ્ચિમી પ્રાંતમાં ઈમરજન્સી જાહેર કરવી પડી

કેનેડાના જંગલમાં ભયાનક આગ ફાટી નીકળી, યેલ્લોનાઈફ શહેરને ખાલી કરાવાયું

યેલ્લોનાઈફ, તા. ૧૮

કેનેડાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. આ દાવાનળના કારણે નજીકના યેલ્લોનાઈફ શહેર પર ખતરો મંડરાઈ રહ્યો છે. શહેરમાં ૨૦ હજાર લોકો રહે છે. તેમને સલામત સ્થળે ખસેડવા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. વાયુસેનાના ૩૫ વિમાનોની મદદથી લોકોને સલામત સ્થળે ખસેડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ઝડપભેર આગળ વધતી આગથી ૨૦ હજાર લોકોને બચાવવા ૩૫ વિમાનો ઉડ્યાં : શહેરને જોડતો એકમાત્ર હાઈવે બંધ થાય તેવી ભીતિ

કેનેડામાં દાવાનળ ઝડપભેર વધતા ઉત્તર-પશ્ચિમના લોકોમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. જંગલની સૌથી નજીકના શહેર યેલ્લોનાઈફમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે. શહેરમાં વીસ હજાર જેટલાં લોકો રહે છે. તેમને આગથી બચાવવા માટે વાયુસેનાના ૩૫ વિમાનો ઉડ્યા હતા. લોકો સલામત સ્થળે જવા માટે ભાગી રહ્યા હોવાથી મોટાભાગની ફ્લાઈટ્સ ફૂલ થઈ ગઈ હતી. પબ્લિક પરિવહનમાં પણ ભારે ધસારો થયો હતો.

જંગલની આગ ઝડપભેર શહેર ભણી આવી રહી હોવાથી શહેરને જોડતો એકમાત્ર હાઈવે બંધ થઈ જાય એવી ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી, પરિણામે શહેરના નાગરિકો જેમ બને તેમ ઝડપથી સલામત સ્થળે ભાગવાની કોશિશ કરતા હતા. અંધાધૂંધી સર્જાઈ જતાં સરકારી અધિકારી શેન થોમ્સને લોકોને આશ્વાસન આપતા કહ્યું હતું કે આગ ૧૬ કિલોમીટર દૂર છે અને બધા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવશે એટલો સમય છે. એ દરમિયાન આગને આગળ વધતી અટકાવવાના તમામ પ્રયાસો પણ શરૂ કરી દેવાયા છે. આકાશમાંથી આગ પર પાણી વરસાવીને આગ ઠારવાની કોશિશ શરૂ થઈ છે. જોકે, તીવ્ર હવાના કારણે આગ ઝડપભેર ફેલાઈ રહી છે. અધિકારીઓના કહેવા પ્રમાણે શહેરમાંથી ૪૦૦૦ લોકોને વાયુસેનાના વિમાનો દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.

કેનેડામાં આ વર્ષે નાની-મોટી ૫૭૦૦ દાવાનળની ઘટનાઓ નોંધાઈ છે. અત્યારે પણ અલગ અલગ સ્થળોએ ૧૦૪૬ આગ સળગી રહી છે. લગભગ ૧.૩૭ લાખ સ્કવેર કિલોમીટરનો વિસ્તાર આગમાં હોમાઈ ચૂક્યો છે.

દિલ્હી-પુણે ફ્લાઈટને ધમકીભર્યો કોલ

વિમાનમાં બોમ્બ હોવાની ધમકી : ફ્લાઈટ આઠ કલાક મોડી પડી

નવી દિલ્હી, તા.૧૮

વિસ્તારા એરલાઈન્સની દિલ્હી-પુણેની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ અફરાતફરી સર્જાઈ હતી. આ મામલે તપાસ કર્યા બાદ તે અફવા હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાને પગલે ફ્લાઈટ આઠ કલાક મોડી પડી હતી.

તમામ મુસાફરોને ઉતારીને પ્લેનનું નિરીક્ષણ કરવામાં આવતા અફવા હોવાનું સામે આવ્યું

એક રિપોર્ટ મુજબ, દિલ્હી-પુણે ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ તેની એરપોર્ટના આઈસોલેશન બેમાં તપાસ કરવામાં આવી હતી. આ પહેલા ૧૦૦થી વધુ યાત્રીઓને સામાન સાથે સુરક્ષિત ઉતારી લેવામાં આવ્યા હતાં. એક અધિકારીના જણાવ્યા અનુસાર, શુક્રવારે સવારે ૮:૫૩ વાગ્યે જીએમઆર કોલ સેન્ટર પર ફ્લાઈટમાં બોમ્બ હોવાનો કોલ મળ્યો હતો.

માહિતી મળ્યા બાદ સીઆઈએસએફ સહિતની સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી હતી અને તપાસ કર્યા બાદ વિમાનને અલગ રાખવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન વિમાનમાંથી કોઈપણ સંદિગ્ધ વસ્તુ મળી આવી નહતી. ફ્લાઈટના યાત્રીઓને ટર્મિનલ ભવનમાં રાખવામાં આવ્યા હતાં.

દિલ્હી એરપોર્ટ પર તપાસ બાદ કોઈપણ સંદિગ્ધ વસ્તુ ન મળી આવતા ફ્લાઈટને આઠ કલાક બાદ ૨:૧૫ વાગ્યે ટેકઓફની મંજૂરી આપવામાં આવી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર, ટિખળખોરે કોલ સેન્ટરમાં ફોન કરીને ફ્લાઈટ નંબર-યુકે-૯૭૧માં બોમ્બ હોવાની ખોટી માહિતી આપી હતી.

૩૭૦ હટાવવા પાછળના ઈરાદાઓને ધ્યાનમાં નહીં લેવાય

૩૭૦ હટાવવામાં બંધારણનું ઉલ્લંઘન થયું હશે તો દખલ દઈશું : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૮

જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવા સામે થયેલી અનેક અરજીઓની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે. છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલી દૈનિક સુનાવણીના સાતમા દિવસે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે જો ૩૭૦ હટાવવામાં બંધારણનું ઉલ્લંઘન થયું હશે તો જ અમે દખલ દઈશું, દેશ હિતમાં ૩૭૦ હટાવવામાં આવી છે કે નહીં તેને નહીં પણ બંધારણને ધ્યાનમાં રાખીને જ સુનાવણી ચાલશે. સરકારે ક્યા ઈરાદાથી આ આર્ટિકલ હટાવવા નિર્ણય લીધો તેને ધ્યાનમાં નહીં લેવાય.

રાજકીય ફાયદા માટે ૩૭૦ હટાવવાનો નિર્ણય લેવાયો, બંધારણ સાથે છેતરપિંડી કરવામાં આવી : દવે

મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાનીમાં ગઠીત પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેંચ દ્વારા સુનાવણી દરમિયાન વકીલ દુષ્યંત દવેને સવાલ કર્યો હતો કે શું તમે આર્ટિકલ ૩૭૦ હટાવવા પાછળ સરકારનો ઈરાદો શું હતો તેના પર રિવ્યૂ ઈચ્છો છો? જોકે બાદમાં સુપ્રીમે સ્પષ્ટતા કરી હતી કે આ મામલામાં ન્યાયીક રિવ્યૂ માત્ર બંધારણના ઉલ્લંઘનને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવશે. તેથી ૩૭૦ હટાવવામાં જો બંધારણનું ઉલ્લંઘન થયું હશે તો જ અમે દખલ દઈશું.

જેનો જવાબ આપતા વરીષ્ઠ વકીલ દુષ્યંત દવેએ બાદમાં કહ્યું હતું કે હું આર્ટિકલ ૩૭૦ હટાવવા મુદ્દે બંધારણ સાથે જે છેતરપિંડી કરવામાં આવી છે તેના વિશે વાત કરી રહ્યો છું. આ નિર્ણય માત્ર એટલા માટે લેવામાં આવ્યો કેમ કે જમ્મુ કાશ્મીર વિધાનસભા ભંગ કરી દેવામાં આવી હતી. તેથી સંસદ પાસે શક્તિ હતી, તેવી જ રીતે રાષ્ટ્રપતિ પાસે પણ આર્ટિકલ ૩૫૬ અંતર્ગત શક્તિ હતી. સરકાર પાસે આર્ટિકલ ૩૭૦(૩) અંતર્ગત આર્ટિકલ ૩૭૦ હટાવવાનો કોઈ જ અધિકાર નથી. અને તેથી ૩૭૦ હટાવવાનો નિર્ણય બંધારણ સાથે સંપૂર્ણપણે છેતરપિંડી જ છે. કેન્દ્રમાં સરકાર ચલાવી રહેલી ભાજપે ચૂંટણી ઢંઢેરામાં આર્ટિકલ ૩૭૦ હટાવવાનું વચન આપ્યું હતું.

સુપ્રીમ કોર્ટે અગાઉ સ્પષ્ટતા કરી હતી કે રાજકીય પક્ષોના આ ચૂંટણી ઢંઢેરા બંધારણીય યોજનાઓ અને ભાવનાઓ વિરૂદ્ધ ન હોઈ શકે. રાષ્ટ્રપતિ કોઈ રબર સ્ટેમ્પ નથી. ૩૭૦ હટાવવી અને જમ્મુ કાશ્મીરના પ્રદેશોને વિભાજીત કરીને કેન્દ્ર શાસિત પ્રદેશ જાહેર કરવાનો કેન્દ્રનો નિર્ણય સંપૂર્ણપણે રાજકીય ફાયદા માટે લેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત વકીલ દુષ્યંત દવેએ એવી દલિલ પણ કરી હતી કે ૩૭૦એ પોતાનો હેતુ પાર પાડી લીધો અને તેનો સમયગાળો પુરો થઈ ગયો છે.

બાદમાં મુખ્ય ન્યાયાધીશે સવાલ કર્યો કે જો બંધારણના આર્ટિકલ ૩૭૦એ પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કર્યો હતો તો પછી ૧૯૫૭ બાદ જમ્મુ કાશ્મીરને લઈને વિવિધ બંધારણીય આદેશો કેમ જારી કરવામાં આવ્યા હતા? આ મામલે હાલ દૈનિક સુનાવણી કરવામાં આવી રહી છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

ઉમેદવારો પહેલાં ધારાસભ્ય રહી ચૂક્યા છે પણ ૨૦૧૮મા નહોતા લડ્યા. મધ્ય પ્રદેશમાં પણ ભાજપે નવા ચહેરાઓને તક આપતાં વર્તમાન ધારાસભ્યોનાં ફફડાટ છે.

ભાજપનાં સૂત્રોનું કહેવું છે કે, કોંગ્રેસ મજબૂત છે એવી બેઠકો પર ઉમેદવારો જાહેર કરાયા છે કે જેથી ઉમેદવારોને પ્રચાર માટે પૂરતો સમય મળી રહે. હવે પછીની યાદીઓમાં વર્તમાન ધારાસભ્યોને તક મળશ જ કેમ કે ભાજપ સંપૂર્ણપણ નો રીપીટ ફોર્મ્યુલા અપનાવી શકે તેમ નથી.

મોદી સરકાર પેટ્રોલ-ડીઝલ, તેલ, ઘઉં સસ્તાં કરશે

લોકસભાની ચૂંટણી અને એ પહેલાં આવનારી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં મોંઘવારીનો મુદ્દો ના ચગે એટલે મોદી સરકાર મોંઘવારી પર અંકુશ મેળવવા માટે કેટલાંક પગલાં લેશે. સૂત્રોનો દાવો છે કે, નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ડીઝલ-પેટ્રોલ પરની એક્સાઈઝ ઘટાડવાની અને ખાદ્ય તેલ અને ઘઉં પરની આયાત ડ્યૂટી ઘટાડવાની જાહેરાત કરશે. મોદીના આદેશના પગલે કેન્દ્ર સરકારના અધિકારીઓ ખાદ્યપદાર્થો અને ફ્યુઅલની કિંમતમાં વધારાને રોકવા માટે કામે લાગ્યા છે. આ માટે વિવિધ મંત્રાલયોના બજેટમાંથી લગભગ એક લાખ કરોડ રૂપિયા ભાવઘટાડા માટે ફાળવવામાં આવશે.

મોદીએ રાષ્ટ્રને કરેલા સ્વતંત્રતા દિવસના સંબોધનમાં મોંઘવારી સામે લડવાની હાકલ કરી હતી. દેશના ઘણા ભાગોમાં અસામાન્ય વરસાદ અને પૂરને કારણે ટામેટા અને ડુંગળી જેવી મુખ્ય ખાદ્ય ચીજો સહિત અનેક ઘરવપરાશની વસ્તુઓના ભાવમાં વધારો થયો છે. તેની અસર ચૂંટણી પર વર્તાશે એવો ડર છે.

કોંગ્રેસે ઉમેદવારો પાસેથી ફી માગતાં નારાજગી

તેલંગાણામાં કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણી માટેના ઉમેદવારો નક્કી કરવાની ક્વાયત શરૂ કરી છે અને અરજીઓ મંગાવવા માંડી છે. જો કે અરજીની સાથે ૫૦ હજાર રૂપિયા ફી પણ માગવામાં આવી રહી હોવાથી કોંગ્રેસી કાર્યકરોમાં નારાજગી છે. એસસી, એસટી અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી ૨૫ હજાર રૂપિયા ફી લેવાશે.

કાર્યકરોનું કહેવું છે કે, બધાં પાસે આટલી મોટી રકમ ના હોય એ જોતાં જેની પાસે પૈસા ના હોય એ શું કરશે ? કોંગ્રેસ આ રીતે ફી લઈને અરજીઓ સ્વીકારે એ શરમજનક કહેવાય.

કોંગ્રેસનું કહેવું છે કે, કર્ણાટકમાં આ જ પેટર્ન અપનાવાઈ હતી. તેના કારણે ગંભીર ના હોય એવા ઉમેદવારો પહેલેથી જ ખસી જાય છે. જેમની પાસે નાણાં ના હોય પણ લાયક હોય એવા ઉમેદવારોને કોંગ્રેસ નેતાગીરી ધ્યાનમાં રાખીને જ બેઠી છે તેથી આ મુદ્દાને ચગાવવાની જરૂર નથી.

કોંગ્રેસમાં વહેલા ઉમેદવારો જાહેર કરવા સળવળાટ

ભાજપે છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓ માટે ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી દેતાં કોંગ્રેસમાં પણ સળવળાટ શરૂ થયો છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે, કોંગ્રેસે એક મહિનામાં ઓછામાં ઓછા પચાસ ટકા ઉમેદવારોનાં નામની જાહેરાત કરી દેવી જોઈએ. માત્ર છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓ માટે જ નહીં પણ રાજસ્થાન અને તેલંગાણાના ઉમેદવારો પણ વહેલા જાહેર કરી દેવા જોઈએ. ભાજપે કર્ણાટક અને હિમાચલની હારમાંથી બોધપાઠ લીધો ત્યારે કોંગ્રેસે તો પોતાની જ ફોર્મ્યુલાને અપનાવવાની છે.

કોંગ્રેસમાં એવી પ્રબળ લાગણી છે કે, કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસે વહેલા ઉમેદવારો જાહેર કર્યા હતા તો બંને રાજ્યોમાં સત્તા મળી. તેલંગાણા, રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ એ ચારેય રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં સત્તા કબજે કરવાની કોંગ્રેસ પાસે તક છે એ જોતાં કોંગ્રેસે આક્રમકતા બતાવીને વહેલા ઉમેદવારો જાહેર કરી દેવાની જરૂર છે.

સુખુના બફાટથી કોંગ્રેસ નેતાઓમાં આક્રોશ

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે હાહાકાર મચાવ્યો છે ત્યારે મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખુએ 'બિહારી આર્કિટેક્ટ્સ' પર દોષારોપણ કરતાં કોંગ્રેસના નેતા પણ નારાજ છે. સુખુએ દાવો કર્યો કે, હિમાચલ પ્રદેશમાં મોટા પ્રમાણમાં મકાનો ધરાશાયી થયાં એ માટે 'બિહારી આર્કિટેક્ટ્સ' દ્વારા કરાયેલાં ભૂલભરેલાં બાંધકામ જવાબદાર છે. હિમાચલમાં સ્થાનિક કડિયા જ નહોતા પણ બિહારીઓએ અહીં આવીને આડેધડ મકાનો બાંધવા માંડ્યાં તેમાં આ સ્થિતી સર્જાઈ છે.

સુખુના નિવેદનને ભાજપ અને આમ આદમી પાર્ટી બંનેએ બેજવાબદાર ગણાવીને ઝાટક્યું છે. બંને પક્ષના નેતાઓએ સુખુને સલાહ આપી કે, દોષારોપણ કરવાના બદલે રાહત કાર્યો પર ધ્યાન આપો. કોંગ્રેસના નેતા પણ સ્વીકારે છે કે, કુદરતી આફતના સમયમાં આ પ્રકારની વાતો કરવી યોગ્ય નથી. બિહારીઓએ જેવાં મકાન બાંધ્યાં તેવાં બાંધ્યાં પણ સરકારોએ કેમ ધ્યાન ના આપ્યું એવો સવાલ પણ ઘણા કોંગ્રેસી નેતા કરી રહ્યા છે.

કોંગ્રેસનું સવર્ણ કાર્ડ, પૂર્વાંચલમાં ફાયદાની આશા

ઉત્તર પ્રદેશમાં અજય રાયને પ્રદેશ પ્રમુખ બનાવીને કોંગ્રેસે સવર્ણ કાર્ડ ખેલી નાંખ્યું છે. ભૂમિહાર નેતા અજય રાયની ગણના યુપીના દબંગ નેતા તરીકે થાય છે. ભાજપ અને સમાજવાદી પાર્ટી એમ બંનેમાં રહી ચૂકેલા અજય રાય વારાણસીમાં મજબૂત ગણાય છે. રાય પાસે પોતાના વફાદાર કાર્યકરોની ફૌજ છે તેથી કોંગ્રેસને તેનો ફાયદો મળશે એવી કોંગ્રેસની ગણતરી છે.

કોંગ્રેસના નેતાઓનો એક વર્ગ માને છે કે, યુપીમાં સવર્ણોનો એક વર્ગ હજુય કોંગ્રેસની સાથે છે પણ કોંગ્રેસે સવર્ણ નેતાઓને બાજુ પર મૂકી દેતાં આ વર્ગ કોંગ્રેસથી દૂર થઈ ગયેલો. કોંગ્રેસે પ્રમોદ તિવારી અને અજય રાયને આગળ કરતાં સવર્ણોનો આ વર્ગ પાછો કોંગ્રેસ તરફ વળી શકે છે.

અજય રાયનો પૂર્વાંચલમાં દબદબો હોવાથી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને પૂર્વાંચલમાં બેઠા થવાની આશા છે. કોંગ્રેસ યુપીની ૮૦માંથી ૫ લોકસભા બેઠકો જીતે તો પણ તેના માટે મોટી સિધ્ધી હશે.

***

વિપક્ષોનો કોઈ મોરચો કારગત નહિ નીવડે

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી દુષ્યંત કુમાર ગૌતમે વિપક્ષી મોરચા ઈન્ડિયાની ટીકા કરતા શુક્રવારે કહ્યું કે વિપક્ષોનું કોઈ પણ જોડાણ ક્યાંય પણ સફળ થશે નહિ. ઈન્ડિયાની જુન ૨૦૨૩માં પટણામાં યોજાયેલી પ્રથમ બેઠકમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે, જ્યારે જુલાઈમાં મળેલી દ્વિતીય બેઠકમાંથી બિહારી મુખ્યમંત્રી નીતિશકુમારે ગુટલી મારી હતી. મને લાગે છે કે એમનો જોડાણનો પ્લાન ટૂંકમાં જ પડી ભાંગશે. મુંબઈની ત્રીજી બેઠકમાં કેટલા જણ ગેરહાજર રહેશે કોને ખબર, એમ ગૌતમે પૂછ્યું છે.

કુકીઓ સાથે કેન્દ્રની ચર્ચાનો મૈતી દ્વારા વિરોધ

મણિપુરની મૈતી જાતિના લોકોની સર્વોચ્ચ સંસ્થા કોકોમિ (કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટિગ્રિટી)એ કુકી ત્રાસવાદીઓ સાથે વાત કરવાના કેન્દ્ર સરકારના વિચારનો વિરોધ કરતા, કેન્દ્રને એમ નહિ કરવા આગ્રહ કર્યો છે. કોકોમિએ કહ્યું કે ભારત સરકાર દ્વારા મૈતીઓ સાથે ચર્ચા અંગે વિચારાયેલું પગલું તદ્દન ખોટું છે. જો આ ચર્ચા, ભૂ-રાજકીય (જિઓપોલિટિકલ) અને સુરક્ષા સંબંધી વ્યૂહરચનાનો ભાગ હોય તો પણ એ મણિપુરવાસીઓને મન અસ્વીકાર્ય છે. વળી, ભારત સરકારે પોતાના ઘરઆંગણાના વતનીઓ એવા ભારતીય નાગરિકો પર અવિશ્વાસ આણીને ચિન કુકિ નાર્કો ત્રાસવાદીના ગેરકાયદે વસાહતીઓને આપણા પોતાના ભૂરાજકીય તથા સુરક્ષા-વ્યૂહમાં આગળ શું કામ ધરવા જોઈએ, એમ કોકોમિએ કેન્દ્રને પૂછ્યું છે. નોંધનીય છે કે કેન્દ્ર સરકાર જેની સાથે ચર્ચા કરવા માગે છે એ કુકિ સંગઠનોમાં ઉપરોક્ત ચિન કુકિ ઉપરાંત યુનાઈટેડ પીપલ્સ ફ્રન્ટ (યુપીએફ) તથા કુકિ નેશનલ ઓર્ગેનાઈઝેશન (કેએનઓ)નો સમાવેશ થાય છે.

૨૦૨૪ ચૂંટણી પહેલાં કરોડ કરોડ ગ્રામીણોને સભ્ય બનાવાશે

ખેડૂતો સુધી પહોંચવાના પ્રયત્નરૂપે આરએસએસનું કિસાન સંગઠન ભારતીય કિસાન સંઘ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અગાઉ દેશવ્યાપી સભ્યપદ ઝુંબેશ શરૂ કરશે.

ઝુંબેશ દરમિયાન ખેડૂતો માટેના મોદી સરકારના પહેલરૂપ પગલાંઓ પ્રત્યે ખેડૂતોનું ધ્યાન દોરવામાં આવશે. ભારતીય કિસાન સંઘના એક અગ્રણીના મતે, સભ્યપદ ઝુંબેશના સમયને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. અમે ખેડૂતો સુધી પહોંચીને એમની મુશ્કેલીઓને સરકાર સુધી પહોંચાડવાનું અમારૂં કામ કરીએ છીએ.

આ સભ્યપદ ઝુંબેશ ડિસેમ્બર-૨૦૨૩ અને જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન હાથ ધરાશે. કિસાન સંઘના સંગઠન મંત્રી દિનેશ કુલકર્ણીના મતે કિસાન સંઘ ઓછામાં ઓછા એક લાખ ગામડાં ખૂંદીને એક કરોડથી વધુ ગ્રામીણોને ભારતીય કિસાન સંઘના સભ્ય બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.

- ઈન્દર સાહની

૧૬-૧૮ વર્ષના બાળકો વચ્ચે સંમતિથી જાતિય સંબધો અંગે સુપ્રીમની કેન્દ્રને નોટીસ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે ૧૬-૧૮ વર્ષના બાળકોની વચ્ચે સંમતિથી જાતીય સંબધો બાંધવાને અપરાધની શ્રેણીથી બહાર રાખવાની માગ કરતી જનહિત હિત અરજી અંગે કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે વકીલ હર્ષ વિભોરે સિંઘલ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલના સંદર્ભમાં કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે. ખંડપીઠે કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલય, ગૃહ મંત્રાલય તથા રાષ્ટ્રીય મહિલા આયોગ સહિતની કાયદાકીય સંસ્થાઓને નોટીસ મોકલી છે.

બેન્કો આવક

(પહેલા પાનાનું ચાલુ)

આપવામાં આવી છે. આ રીતે વ્યાજ અને પેનલ્ટી વસૂલવામાં આવતી હોવાથી ઘણાં લોન લેનારાઓ હપ્તા ભરી જ શકતા નથી. લોન લેનાર માટે હપ્તા ભરી ન શકવાની નોબત ન આવે તે માટે આ પરિપત્ર કરવામાં આવ્યો છે.

મોનેટરી પોલીસી કમિટીની બેઠકમાં વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવે તે પછી લોનના વ્યાજદર વધારીને હપ્તાની રકમમાં કે પછી હપ્તાની સંક્યામાં બેફામ વધારો કરી દેવામાં આવતી ફરિયાદો રિઝર્વ બૅન્કને કરવામાં આવી હોવાથી ૧૮મી ઓગસ્ટે પરિપત્ર કરવામાં આવ્યો છે. મોનેટરી પોલીસીના વ્યાજદરમાં થયેલા વધારાને પરિણામે લોનના વ્યાજદરમાં અઢી ટકાનો વધારો આવી ગયો છે. હોમ લોન, ઓટો લોન અને પર્સનલ લોનના વ્યાજના દરમાં આ વધારા આવ્યો છે. વાસ્તવમાં લોન લેનારની આવકને ધ્યાનમાં લઈને લોન આપનાર બેન્કે ફ્લક્ચ્યુએટિંગ રેટ ઓફ ઈન્ટરેસ્ટ પર લોન લેનારે વધુ હપ્તો ચૂકવો પડે તો તેને તકલીફ ન પડે તે માટે લોન મંજૂર કરતી વખતે જ લોન આપનાર બૅન્કે લોન લેનારને સંભવિત અસરની જાણ કરવાની રહેશે. આ માટે બૅન્કોએ યોગ્ય નીતિ પણ તૈયાર કરી દેવાની રહેશે. આ મુદ્દે લોન લેનાર સાથે યોગ્ય રીતે માહિતીની તત્કાળ આપ-લે પણ કરવી જરૂરી છે. આ તબક્કે લોન લેનારને ફિક્સ રેટથી લોન લેવાના વિકલ્પ પસંદ કરવાની પણ તક આપવાની રહેશે. હપ્તાની સંખ્યા વધારવામાં આવે તો તેની જાણકારી પણ લોન લેનારાને લેખિતમાં આપવી પડશે.

આ રીતે ફિક્સ અને ફ્લોટિંગ રેટમાં લોન બદલવાનો લોનની મુદત દરમિયાન કેટલીવાર તક આપવામાં આવશે તેની પણ જાણ કરવાની રહેશે. તેમ જ લોન લેનારે વધારે હપ્તો ચૂકવવો છે કે હપ્તાની સંખ્યા વધારવી છે તે વિકલ્પ પણ તેને આપવાનો રહેશે. આ દરેક બાબતમાં બૅન્કોએ પારદર્શકતા રાખવી પડશે. લોનના સેન્કશન(મંજૂરી)પત્રમાં તેનો ઉલ્લેખ કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

બૅન્કોએ તથા નોન બન્કિંગ ફાઈનાન્સ કંપનીઓએ આ બધી જ વ્યવસ્થા ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં કરી લેવાની રહેશે. લોન લેનારને તેણે જમા કરાવેલી લોનની રકમના સ્ટેટમેન્ટ દર ત્રણ મહિને આપવાના રહેશે.

દેશમાં પાંચ

(પહેલા પાનાનું ચાલુ)

કપૂરથલા જિલ્લામાં એનડીઆરએફની ટીમે ૨૨ ગામડાંમાં રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું અને નીચાણવાળા વિસ્તારમાંથી ૩૦૦ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા. કપૂરથલા ઉપરાંત હોશિયારપુર, ગુરુદાસપુર, રૂપનગરના ગામડાઓમાં પણ પૂરપ્રકોપ સર્જાયો હોવાથી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું છે.

ઉત્તરાખંડમાં ભૂસ્ખલનની ઘટના નોંધાઈ હતી. ભૂસ્ખલનથી ૧૨ મકાનો સદંતર પડી ભાંગ્યા હતા અને કુલ ૮૦ લોકો બેઘર બન્યા હતા. ઉત્તરાખંડના વિકાસનગર સબ ડિવિજનના કલેક્ટરે કહ્યું હતું કે ભૂસ્ખલનના કારણે કેટલાય ગામડાંઓમાં વીજળી ગૂલ થઈ ગઈ છે અને અમુક ગામડાંઓના રસ્તા બંધ થઈ જતાં સંપર્ક વિહોણા બની ગયા હતા. લેન્ડસ્લાઈડના કારણે જે રસ્તાઓ બંધ પડ્યા છે તેને ફરીથી શરૂ કરવાની કવાયત સરકારી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી હતી.

ભારત એક સદી કરતાં પણ વધુ સમય માં પહેલી વખત એવી શક્યતા છે કે આ ઓગસ્ટ મહિનો સૌથી સૂકો રહેશે. સામાન્ય રીતે અલ નીનો હવામાન વિભાગની પેટર્ન પ્રમાણે ઘણાં વિસ્તારોમાં વરસાદ ઓછો થવાની સંભાવના છે. હવામાન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ૧૯૦૧માં રેકોર્ડ શરૂ થયો ત્યાર પછી આ ઓગસ્ટ મહિનામાં સૌથી ઓછો વરસાદ થાય તેવી સંભાવના છે. આ સાથે ચોખાથી લઈને સોયાબીન સુધીના ઉનાળુ પાકોના ઉત્પાદનમાં તેની અસર પડી શકે છે અને નુકસાન થઈ શકે છે. આ મહિનાના અંત સુધીમાં દક્ષિણ, પશ્ચિમ અને મધ્ય ભાગોમાં વરસાદ નોધપાત્ર રીતે ઘટે તેવા આસાર છે. અધિકારીએ વધુમાં કહ્યું હતું કે અત્યાર સુધી થયેલા વરસાદ અને મહિનાના બાકીના દિવસોના આધાર પર ભારતમાં આ મહિને સરેરાશ ૭ ઈંચથી ઓછા વરસાદની સંભાવના છે. ભારતમાં ઓગસ્ટથી પહેલા ૧૭ દિવસોમાં માત્ર ૩.૬ ઈંચ વરસાદ થયો હતો, જે સામાન્યથી લગભગ ૪૦ ટકા ઓછો છે.

પંજાબમાં કરોડો રૂપિયાના આઠ કિલો હેરોઈન સાથે દાણચોર ઝડપાયો

ચંદીગઢ, તા.૧૮

જલંધર પોલીસે એક ડ્રગ્સ દાણચોરના કબજામાંથી ૮ કિલો હેરોઈને ઝડપી લીધું હતું અને તેની ધરપકડ કરી હતી. આ માહિતી પંજાબના ડીજીપીએ આપી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, જોગા સિંહ એક આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલર છે, જેણે પાકિસ્તાનમાં તેના નેટવર્કમાંથી દાણચોરી કરીને હેરોઈનના કન્સાઈમેન્ટને પરત મેળવવા માટે પાકિસ્તાનમાં પ્રવેશ કર્યો હતો. આરોપી નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ નોંધાયેલા અનેક કેસોમાં વોન્ટેડ હતો. તેના બે સાથીઓની રાજ્ય સ્પેશિયલ ઓપરેશન સેલ દ્વારા ૧૪ કિલો હેરોઈન સાથે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ મોડ્યુલ હેઠળ કુલ રિકવરી ૨૨ કિલો થઈ છે.

જાહેર ચેતવણી

અમો પટેલ જયંતિભાઈ ગોપાલભાઈ તથા પટેલ મંજુલાબેન જયંતિભાઈ રહે. નાની કાછીયા વાડ, છાણી, વડોદરાના તે બાજુનાં ફોટામાં દર્શાવેલ અમારો પુત્ર **પટેલ કેયુરભાઈ જયંતિભાઈ** નાઓ પરણીત છે અને તેઓ અમારાથી અલગ રહે છે અને અમારા કહ્યામાં રહેલ નથી. જેથી અમોએ તેઓ સાથેના તમામ સબંધોનો અંત આણીને તેઓને અમારી તમામ સ્થાવર, જંગમ મિલકત માંથી બેદખલ કરેલ છે. જેથી તેઓ સાથે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાએ કોઈપણ જાતના નાણાંકીય કે સામાજીક વ્યવહારો અમારા કે અમારા પરિવારજનોના નામે કરવા નહીં અન્યથા અમારી કોઈ જવાબદારી રહેશે નહીં.

સહી/- જયંતિભાઈ જી. પટેલ, સહી/- મંજુલાબેન જી. પટેલ

હાર્દિક એમ. રાજપુત (એડવોકેટ)
મો.૭૯૮૪૯૨૮૨૩૯

શ્રી ભાઈલાલભાઈ કોન્ટ્રાકટર સ્મારક કો.ઓ. બેન્ક લિ.

"શ્રી ભાઈલાલભાઈ કોન્ટ્રાકટર સ્મારક ભવન", પ્રતાપ રોડ, દાંડીયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન.: ૦૨૬૫-૨૪૨૧૫૮૬/૨૪૧૩૮૯૭.

આથી બેંકના સેવીંગ્સ, કરંટ, મુદતી થાપણના ધારકોને જણાવવાનું કે, RBI ની માર્ગદર્શક સુચનાનું પાલન માટે મોબાઈલ નંબર તથા નોમીનેશન (વારસદાર) નીમણુંકની વિગત **ના આપી ગયા હોય** તો સત્વરે બેંકમાં આપી જવા વિનંતી છે.

મેનેજર શ્રી

Gujarat Industrial Development Corporation
(A Govt. of Gujarat Undertaking)
Notice for e-Auction
Ankleshwar Region

આઝાદી કા અમૃત મહોત્સવ

ઇ-હરાજીની જાહેરાતમાં સુધારો

GIDC દ્વારા સ્થાપવામાં આવેલ અંકલેશ્વર અને પાનોલી ઔદ્યોગિક વસાહતો, જિ. ભરૂચમાં આવેલા ઔદ્યોગિક તથા વાણિજ્ય પ્લોટોની જાહેર ઈ-હરાજીની જાહેરાત દૈનિક સમાચાર પત્રો ગુજરાત સમાચાર અને સંદેશમાં તા.07/08/2023 ના રોજ પ્રસીધ્ધ કરવામાં આવેલ. સદર જાહેરાતમાં Sr.No.12 માં દર્શાવેલ પાનોલી ઔ.વસાહતના પ્લોટ નં. 13, વિસ્તાર 60000 ચો.મી.ને વહીવટી કારણોસર સદર હરાજીમાંથી બાકાત રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેની નોંધ લેવી.

પ્રાદેશિક પ્રબંધક
GIDC, અંકલેશ્વર

(માહિતી-ભરૂચ-૩૨૨(૩૦૩/સુધારો)૨૦૨૩-૨૪)

જાહેર નિવિદા ૨૦૨૩-૨૪
આમોદ નગરપાલિકા, જી.ભરૂચ

આથી આમોદ નગરપાલિકા દ્વારા સને ૨૦૨૩-૨૪ સ્વભંડોળ હેઠળ નીચે જણાવેલા કામ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

અ.નં.	કામની વિગત	ટેન્ડર ફી રૂ.	EMD ની રકમ
૧	આમોદ નગરપાલિકા ખાતે મંડપ ડેકોરેશન તથા લાઈટ ડેકોરેશનના કામે (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૨	આમોદ નગરપાલિકા ખાતે ઈલેક્ટ્રીક માલસામાન સપ્લાય કરવાના કામે (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૩	આમોદ નગરપાલિકા ભૂગર્ભ ગટર વિભાગ ખાતે પંપ/મોટરો તથા પેનલ/ સ્ટાર્ટર રીપેરીંગ કરવાનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૪	આમોદ નગરપાલિકા પાણી પુરવઠા વિભાગ ખાતે પંપ/મોટરો તથા પેનલ/ સ્ટાર્ટર રીપેરીંગ કરવાનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૫	આમોદ નગરપાલિકા ખાતે કોમ્પ્યુટર/સાદી સ્ટેશનરી સપ્લાય કરવાનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૬	આમોદ નગરપાલિકા ઓફીસ કામકાજના કાગળોની ઝેરોક્ષ, વિડિયોગ્રાફી વિ. કરવા બાબતનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૭	આમોદ નગરપાલિકા ખાતે સેનિટેશન શાખાના સાફ સફાઈ તથા ડી-વોટરીંગ પંપ તથા મોટરના માલ સામાનનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૮	આમોદ નગરપાલિકા ખાતે કોમ્પ્યુટર માલસામાન સપ્લાય તેમજ કોમ્પ્યુટર હાર્ડવેર પ્રિન્ટર વિગેરે મેન્ટેનન્સનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૯	આમોદ નગરપાલિકા ખાતેના વાહનો રીપેરીંગ કરવાનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦
૧૦	આમોદ નગરપાલિકા ફ્લેક્ષ બેનર બનાવવા-ઈનવીટેશન કાર્ડ, પત્રીકાઓ છપાવવાનું કામ (વાર્ષિક ભાવ) સ્વભંડોળમાંથી ઓફ લાઈન ટેન્ડર	૫૦૦.૦૦	૫૦૦૦.૦૦

ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ રજાના દિવસો સિવાય જાહેરાત પ્રસિધ્ધ થયેલી દીન-૭ માં રહેશે તથા પરત કરવાની છેલ્લી તારીખ રજાના દિવસો સિવાય જાહેરાત પ્રસિધ્ધ થયેલી દીન-૧૦ માં રહેશે. ટેન્ડર રજી.પો.એડી/સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. સમયમર્યાદા બાદ આવેલ દસ્તાવેજો/ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં.

કોઈપણ ટેન્ડર મંજુર તેમજ નામંજુર કરવાનો હક્ક આમોદ નગરપાલિકાને અબાધિત રહેશે.

પ્રાચીબેન પી. દોશી	બીજલભાઈ એન. ભરવાડ	મહેશભાઈ ડી. પટેલ
મુખ્ય અધિકારી	કારોબારી અધ્યક્ષ	પ્રમુખ
આમોદ નગરપાલિકા	આમોદ નગરપાલિકા	આમોદ નગરપાલિકા

(માહિતી-ભરૂચ-૩૨૦-૨૩-૨૪)

સ્નેડર ઇલેક્ટ્રીક ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ

Schneider Electric

CIN : L31900GJ2011 PLC064420.
રજી. ઓફિસ : માઈલસ્ટોન 87, વડોદરા-હાલોલ હાઈવે, કોટમ્બી ગામ, પો.ઓ. જરોદ, વડોદરા 391510, ગુજરાત
ફોન : 02668 664466/ 664300, Fax :- 02668 664621
વેબસાઈટ : https://infra-in.se.com/; E-mail: company.secretary@schneider-electric.com

મેમ્બરોને સૂચના - તેરમી (13th) વાર્ષિક સામાન્ય સભા.

સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે તેરમી (13th) વાર્ષિક સામાન્ય સભા (**"AGM/Meeting"**), સ્નેડર ઈલેક્ટ્રીક ઈન્ફ્રા. લિ. (**"the Company"**) કે જે શેઈન્ડર છે તે ગુરૂવાર ને 14 મી સપ્ટેમ્બર, 2023 ના રોજ 3:30 P.M. (IST) વિડિયો કોન્ફરન્સીંગથી ("VC") / બીજા ઓડિયો વિઝ્યુઅલ મિન્સ (**"OAVM"**) ના જોડાણ સાથે કંપનીના લાગુ પડતા કાયદાઓ પૂરા પાડવા સાથે, કંપની ધારા, 2013 (**"the Act"**) અને નિયમો તેની નીચે ઘડાયેલા અને સલામતીઓ અને વિનિમય બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ એપ્લીકેશન અને ડિસ્કલોઝરની જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, 2015 (**"લિસ્ટીંગ રેગ્યુલેશન્સ"**) અનુક્રમે 5 મે 2020 અને ડિસેમ્બર 28, 2022 ના સામાન્ય પરીપત્ર ક્રમાંક 20/2020 સાથે વાંચવામાં આવે છે અને બીજા સંલગ્ન સરક્યુલરો, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા (**"MCA સરક્યુલર્સ"**) અને સરક્યુલર નં. SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫ મી જાન્યુઆરી, 2023 અને SEBI/HQ/CFD/CMD2/CIRP/P/2022/62, 13 મી મે 2022, સિક્યોરીટીઝ અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (**"SEBI સરક્યુલર"**) દ્વારા રજૂ કરાયો (સામૂહિક રીતે અંદાજિત **"સંબંધિત પરિપત્રો"** તરીકે), 13 મી AGM (**"Notice"**) ની બિઝનેસ નોટિસનો વ્યવહાર કરવા માટે.

સંબંધિત પરીપત્રો અનુસાર, નાણાકીય નિવેદનો અને અન્ય વૈધાનિક અહેવાલો (**"વાર્ષિક અહેવાલ"**) સહિત નાણાકિય વર્ષ 2022-23 માટેના વાર્ષિક અહેવાલ સાથેની નોટિસ, ફક્ત મેઈલ દ્વારા એવા મેમ્બર્સને મોકલવામાં આવશે જેમના ઈમેલ એડ્રેસ નોંધાયેલા છે. તેમણે મોકલવામાં આવશે, કે જે ઈમેલ એડ્રેસ નોંધાયેલ છે. સાથે કંપની / ડિપોઝીટરી પાર્ટીશીપંટસ (**"DPs"**) વિ. નેશનલ સેક્યુરીટીઝ ડિપોઝીટરી લિમીટેડ (**"NSDL"**) અને સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસ (ઈન્ડીયા) લિમિટેડ (**"CDSL"**) અને/ અથવા કંપનીના રજીસ્ટ્રાર સાથે અને શેર ટ્રાન્સફર એજન્ટ (**"RTA"**) વિ. CB મેનેજમેન્ટ સર્વિસીસ (P) લિમીટેડ, શુક્રવારે, 18 ઓગષ્ટ 2023 ના રોજ કંપની ફિઝીકલ : કોપી. નોટીસની અને એન્યુઅલ રીપોર્ટની એવા મેમ્બર્સને ચોક્કસ મોકલશે જેઓ એ તેના માટે વિનંતી, company.secretary@schneider-electric.com ને પોતાનો ફોલીઓ નંબર /DP ID અને ક્લાયંટ ID દર્શાવેલ છે.

મેમ્બર્સ કે જેઓના ઈમેઈલ આઈડી રજીસ્ટર્ડ થયેલ નથી. અને તેઓ નોટિસ મેળવવા અને વાર્ષિક અહેવાલ મેળવવા ઈચ્છે છે અને બીજા બધા સંદેશા વ્યવહાર, કંપની તરફથી, સમયાંતરે, તો તેઓ તેઓના ઈમેઈલ આઈડી રજીસ્ટર કરાવી લો, ફોર્મ ISR-1 રજૂ કરી ને, RTA ને subhabrata@cbmsl.co પર અથવા કંપનીને, company.secretary@schneider-electric.com પર તેમછતાં, ડિમેટ ફોર્મમાં રહેલ શેર્સ માટે, મેમ્બર્સને વિનંતી કે તેઓ લાગતાવળગતા DPs ને લખે. કંપનીએ, સેવા માટે રોકી છે. KFin Technologies Limited ("KFintech") ને સેવા પૂરી પાડવા, સભ્યોની AGM માં VC/ OAVM દ્વારા હાજરી માટે અને e- વોટીંગ સુવિધા પૂરી પાડવા (રીમોટ e- વોટિંગ અને e- વોટિંગ, AGM ખાતે) મેમ્બર્સ જોડાઈ અને ભાગ લઈ શકશે AGM માં ફક્ત VC/ OAVM સુવિધા દ્વારા.

મેમ્બર્સ કે જેઓ ફિઝીકલ ફોર્મમાં શેર્સ ધરાવે છે અને તેઓએ AGM માં જોડાવવા માટે તેમના ઈમેઈલ ID થી રજીસ્ટર્ડ કરાવેલ નથી તેમને વિનંતી કરવામાં આવે છે વિગતવાર સૂચનાઓ જોવા માટે. અને જોડાવવાની રીતભાત, e- વોટીંગ રીમોટ માં અથવા e- વોટિંગ માં AGM ખાતે.

તમામ મેમ્બર્સ કે જે શેર્સ ધરાવે છે ફિઝીકલ ફોર્મમાં તેઓ માટે ફરજીયાત જરૂરી છે. તેમની KYC વિગતો સુધારવી, નોમિનેશનનું રજીસ્ટ્રેશન કરાવવું, અને બેંક મેન્ડેટ પ્રૂસન્ટ, SEBI ને સરક્યુલર નં. SEBI/HO/MIRSD/MIRSD-PoD-1/P/CIR/2023/37 તારીખ 16 મી માર્ચ, 2023 થી, નોટિસ માં વિગતે દર્શાવેલ રીતે, ફોલિઓના ફ્રિઝ થતા રોકવા માટે, ઓક્ટોબર 01,2023 ના રોજ અથવા તે પછી.

નોટિસ અને વાર્ષિક અહેવાલ, ઉપલબ્ધ કરાશે, વેબસાઈટ ઉપર કંપનીની, એટલે કે https://infra-in.se.com/ અને ઉપરાંત વેબસાઈટ ઉપર BSE લિમિટેડ (**"BSE"**) ની, અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (**"NSE"**) ઉપર www.bseindia.com અને www.nseindia.com યોગ્ય રીતે.

મેમ્બર્સ કે જેઓ VC/OAVM સુવિધાથી જોડાવા માગે છે તેઓ ગણતરી કરાશે, હિસાબના હેતુથી, કોરમ નીચે સેક્શન 103, કલમની.

ઉપરોક્ત વિગતો રજૂ કરાઈ છે માહિતી માટે અને કંપનીના તમામ મેમ્બર્સના ફાયદા માટે અને લાગુ પડતા સરક્યુલરના અનુપાલનમાં છે.

બોર્ડના આદેશ મુજબ,
સ્નેડર ઇલેક્ટ્રીક ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ માટે,
Sd/-
ભૂમિકા સૂદ.
કંપની સેક્રેટરી & અનુપાલન અધિકારી.

તારીખ : 18 ઓગષ્ટ, 2023
સ્થળ : ગુરૂગ્રામ.